SSP/JUL 98/06/2500

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# <u>સત્સંગ પ્રવીણ</u>
# પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨]** (રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષયોના સંદર્ભમાં શાસ્ત્રના ત્રણ-ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - પરમહંસોનાં વચનોને આધારે.
૨. ભગવાન વ્યાપક થકા મૂર્તિમાન કેવી રીતે?.
૩. પ્રગટ ભક્તિનો મહિમા.
૪. અક્ષરબ્રહ્મ - એક અને અદ્વિતીય.

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. વાઘા ખાચરને નિરાવરણ દૃષ્ટિ થઈ.
૨. રામાનંદ સ્વામીએ લાલજી સુથારને આપેલો ઠપકો.
૩. શ્રીજીમહારાજે પૂછ્યું, 'તમે અમને ભગવાન કેમ કહો છો ?'
૪. અઢાર ગોદડીઓનો ભાર.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - શ્રીમુખનાં વચનોને આધારે.
૨. બ્રહ્મરૂપ થવાની આવશ્યક્તા.
૩. ગુણાતીત સંતનાં લક્ષણો.
૪. દિવ્યભાવ સમજવાની આવશ્યક્તા.

**પ્ર.૪. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. અક્ષરપુરુષોત્તમની ઉપાસનાવાળા સ્થાનમાં જ છે, વિમુખ નથી.
૨. મુક્તાનંદ સ્વામીએ ગામડે જવાનું માંડી વાળ્યું.
૩. કલ્યાણના માર્ગે ઉપાસના મુખ્ય સાધન છે.
૪. ભગવાનને સર્વકર્તા સમજવા જોઈએ.

06



પ્ર.૫. ઉપાસનામાં શું ન સમજવું ? ૮

પ્ર.૬. સ્વામિનારાયણ એક જ શબ્દ છતાં વ્યુત્પત્તિ જુદી કેમ છે ? ૫

**પ્ર.૭. નીચેના કોઈ પણ <u>એક</u> વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. શ્રીજીમહારાજની સાકાર સ્વરૂપમાં રુચિ.
૨. અક્ષરબ્રહ્મનાં સાકાર સ્વરૂપો.
૩. અનન્ય નિષ્ઠા છતાં પણ સર્વનો આદર.

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''હવે ત્યાગ - વૈરાગ્યની વાતો મારાથી નહિ થાય.''
૨. ''કણબીના છોકરા ને કૂકડા ભૂખે ન મરે.''
૩. ''તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો ?''
૪. ''કાંઈ વધ્યું ઘટ્યું છે, આજ તો મને પણ ભૂખ લાગી છે તે ખાઈએ.''

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મુક્તાનંદ સ્વામીએ 'ભ્રમણા ભાંગી રે હૈયાની ...... ' કીર્તન બનાવ્યું.
૨. ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી પધરાવ્યા.
૩. નિષ્કુળાનંદ સ્વામી ગઢાળી ચાલ્યા ગયા.
૪. મેંગણીના માનભા દૃઢ સત્સંગી થયા.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. શિવલાલ શેઠનો સંયમ.
૨. કુશળ કુંવરબાની અનન્ય પ્રેમભક્તિ.
૩. પ્રમુખસ્વામી મહારાજનું દાસપણું.
૪. સમાગમના પ્યાસી રઘુવીરજી મહારાજ

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. દર્શન પ્યાસી કુશળકુંવરબાએ શ્રીજીમહારાજને કયો પ્રશ્ન પૂછ્યો ?
૨. રઘુવીરજી મહારાજે અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે કયો ગ્રંથ કરાવ્યો ?
૩. પર્વતભાઈએ ખટરસના નિયમ શા માટે લીધા હતા ?

૪. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસની પ્રમુખપદે વરણી ક્યાં અને ક્યારે થઈ ?

૫. ગોપાળાનંદ સ્વામીએ ધામગમન વખતે શિવલાલ શેઠને શું ભલામણ કરી ?

૬. અનુપ સંતને આપું ઉપમા' - એ કીર્તનના રચયિતા કોણ છે. ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો.**

**(બારેક લીટીમાં)** ૪

૧. અનીડો ! ઘી ગંધાય છે.

૨. ગોપાળાનંદ સ્વામીએ ગ્રહણ અટકાવ્યું.

૩. પ્રમુખસ્વામી મહારાજ સમાચાર મળતાં અટલાદરાથી સારંગપુર પધાર્યા.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. કથાવાર્તા - સત્સંગનો અનુપમ આધાર સ્થંભ.

૨. આદર્શ સંત - પ્રમુખસ્વામી મહારાજ.

૩. અભિશાપ અને આશીર્વાદ - ટેલીવિઝન અને ઘરસભા.